ગાંધીનગરમાં વરસાદ ખેંચાતાં ખેડૂતો ચિંતાતુર બન્યા

આગામી ચાર-પાંચ દિવસ સુધી ચોમાસું ગુજરાત તરફ આગળ વધવાના કોઈ સંકેતો નથી

ગાંધીનગર, તા. ૨૪

જૂનના પ્રથમ સપ્તાહમાં ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં વરસાદી ઝાંપટા પડ્યા ત્યારે સૌએ રાહત અનુભવી હતી કે હવે આ વર્ષે ચોમાસુ સમયસર છે. જો કે તે પછી ચોમાસાની ગતિવિધિ સાવ અટકી જતા વરસાદ પાછળ ઠેલાયો છે. વરસાદ પાછળ ઠેલાતા ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

અષાઢ માસ શરૂ થઈ ગયો તેમ છતાં ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં વરસાદના કોઈ એંધાણ નથી. પ્રિ-મોન્સુન એક્ટીવિટીના ભાગરૂપે જૂન માસના પ્રથમ પખવાડિયામાં શહેર-જિલ્લામાં વરસાદી ઝાપટા પડ્યા હતા. ચોમાસુ સમયસર છે તેવી આગાહી પણ હવામાન વિભાગે કરી હતી પરંતુ હવે ચોમાસાની ગતિવિધિ અટકી જતાં વરસાદ પાછળ ઠેલાતો જણાય છે. વાવણી માટે તૈયારી કરનાર ખેડૂતો નિરાશ થયા છે. અષાઢી બીજે અમીછાંટણા ન થતાં ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

હવામાન વિભાગે ૧લી જૂનથી ૨૨મી જૂન સુધીના સમયગાળા દરમ્યાન ચોમાસાની સ્થિતિ અંગે આંકડાકીય વિગતો એકત્ર કરીને એક બુલેટીન બહાર પાડ્યું છે. તેમાં થયેલા ઉલ્લેખ મુજબ દેશના ૫૦ ટકા વિસ્તારમાં ચોમાસા દરમ્યાન વરસાદની ઘટ રહી છે. અથવા નજીવો વરસાદ પડ્યો છે. ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, પશ્ચિમ મધ્યપ્રદેશ અને દક્ષિણ રાજસ્થાનમાં ૨૦ ટકાથી માંડીને ૫૯ ટકા સુધી વરસાદની ઘટ જણાઈ છે. ૨૩મી જૂનથી ૨૯મી જૂન સુધીના સપ્તાહ દરમ્યાન અપર એર સાયકલોનિક સરક્યુલેશનની અસર હેઠળ ઉત્તરભારતના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડવાની સંભાવનાી છે. ચોમાસાની ગતિવિધિ આગળ વધતી ન હોઈ ગુજરાત સહિત સમગ્ર પશ્ચિમ ભારતમાં છૂટો છવાયો વરસાદ પડશે. આગામી ચાર-પાંચ દિવસ દરમ્યાન ચોમાસુ આગળ ધપવાની શક્યતા ઓછી છે. ત્યારબાદ બંગાળના ઉપસાગરમાં સિસ્ટમ ડેવલપ થતાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તેમજ મધ્ય ભારતમાં ચોમાસુ આગળ વધે તેવી સંભાવના છે. આ વર્ષે દક્ષિણ ગુજરાતમાં વરસાદની ઘટ વધુ નોંધાઈ છે. જ્યારે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ નોંધાયો હતો. ગાંધીનગરની વાત કરીએ તો અત્યાર સુધી ૭ ટકા વરસાદની ઘટ નોંધાઈ છે. વરસાદ ઠેલાતા વાવણીમાં પણ વિલંબ થઈ રહ્યો છે.

ગીરીશભાઈ રાવલની જિલ્લા કોંગ્રેસ સમિતિમાં મંત્રી તરીકે નિમણૂંક

ગાંધીનગર, ૨૪

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે ગીરીશભાઈ ઓચ્છવલાલ રાવલની નિમણુંક કરવામાં આવેલ છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા અને ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલની મંજૂરીથી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. સી.જે. ચાવડાએ કરેલ છે. ગીરીશભાઈ રાવલ ઈસનપુર મોટા ગામના વતની છે. મેનેજિંગ ટ્રસ્ટી ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ મોટા ચિલોડાના છે. ગીરીશભાઈ જિલ્લાની શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય કામગીરી ધરાવે છે.

પુસ્તકો વગર કેટલીક શાળાઓમાં પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૪

લાંબા વેકેશન બાદ શાળાઓ પુનઃ ધમધમી ઊઠી છે ત્યારે શિક્ષણ વિભાગ અને અધિકારીઓ સાથે રહીને સરકારી નાની-મોટી શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણી થઈ ગઈ. પણ દુઃખદ વાત એ છે કે, ગાંધીનગર જિલ્લાની કેટલીયે શાળાઓમાં બાળકોને પુસ્તકો મળ્યા નથી અને ધામધૂમપૂર્વક પ્રવેશોત્સવ ઉજવાયા છે!

શાળાઓ શરૂ થઈ ગઈ છે. પ્રવેશોત્સવ ઉજવાયા છે પરંતુ પ્રાથમિક શાળામાં પાઠ્યપુસ્તકો જ આવ્યા નથી. બીજી સંવેદનશીલ બાબત એ છે કે ધોરણ ૧ થી ૮ ની ખાનગી શાળામાં ભણતા બાળકો આજે મધ્યાહ્ન ભોજન અને મફત પાઠ્યપુસ્તકોના લાભથી વંચીત છે. ધોરણ ૧ થી ૮માં ભણતા ખાનગી શાળાના આ બાળકોને પણ મફત પાઠ્યપુસ્તકો આપવા જોઈએ. ગુજરાતમાં મફત શિક્ષણ ફક્ત સરકારી શાળામાં જોવા મળે છે. પરંતુ આ સરકારી શાળાઓમાં ગુણવત્તાલક્ષી શિક્ષણ મળતુ નથી. પ્રાથમિક શાળાના શિક્ષકોના બાળકો ખાનગી શાળામાં ભણે છે. તેઓ મફત પાઠ્યપુસ્તક મેળવે છે. પણ તેની શાળામાં ભણતા બાળકોને પુસ્તકો મળ્યા નથી. ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો સરકારી શાળામાં અભ્યાસ માટે નિયમિત આવે છે પરંતુ આ વર્ષની શરૂઆતમાં કેટલીક શાળાઓમાં પાઠ્યપુસ્તકો પહોંચ્યા નથી, મળ્યા નથી. બાળકોને મળતી સ્કોલરશીપ, મફત પાઠ્યપુસ્તકો, સ્કૂલ યુનિફોર્મ વગેરેની બાબતમાં હજુ પણ ક્યાંક-ક્યાંક અવ્યવસ્થા અને ગેરરીતિ થવાના દાખલા મળે છે. સરકાર આ બાબતે જાગૃત થાય અને જે તે વિદ્યાર્થી સુધી તેનો લાભ પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવે તેવું સુજ્ઞજનો ઈચ્છી રહ્યા છે.

સેક્ટર-૨૮ જીઆઈડીસીની દિવાલનું બાકોરું ગેરકાયદે પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લેવાય છે

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૨૮ જીઆઈડીસીની ફરતે બનાવવામાં આવેલી દિવાલમાં આદિવાડાના કેટલાક શખ્સોએ બાકોરુ પાડ્યું છે. દારૂ-જુગારની પ્રવૃત્તિ તથા અન્ય અસામાજિક પ્રવૃત્તિ માટે આ બાકોરાનો ઉપયોગ થતો હોવાની રજુઆત સાથે આ બાકોરુ પુરવા જીઆઈડીસી એસોસીએશનના માનદ્ મંત્રી બી. ડી. ચૌધરીએ રજુઆત કરી છે.

તાજેતરમાં દબાણકર્તા રહીશો દ્વારા કરાયેલા ખોટા આક્ષેપો સામે માનદ્ મંત્રી બી.ડી. ચૌધરીએ ખુલાસો કરતાં જણાવ્યું છે કે ૧૯૮૦ માં જી.આઈ.ડી.સી.ના સ્થાપના સમયે નિગમે એસ્ટેટની હદમાં ફરતે દિવાલ બનાવી હતી. આદિવાડા ગામમાં નિગમની દિવાલ પાછળ મોટુ તળાવ હતું, જેમાં જી.આઈ.ડી.સી. એસ્ટેટનું વરસાદનું પાણી તેમાં નિકાલ થતો હતો, જેમાં ધીરે ધીરે ગેરકાયદેસર પુરાણ કરી વસવાટ કરી લોકોએ ઝુંપડા બનાવેલ છે. આ બાબતે એસોસીએશને છેલ્લા દસ વર્ષથી કલેક્ટર શ્રી તથા જુદા જુદા સરકારી કચેરીઓમાં રજૂઆત કરી હતી. તેના પ્રતિભાવે ઓક્ટોબર-૨૦૧૦માં નિગમે ફરી દિવાલમાં પોલીસ રક્ષણ હેઠળ નિગમના અધિકારીઓ સાથે રહીને નિગમે આ સરકારી દિવાલનું સમારકામ પૂર્ણ હતું ત્યારે પણ આ દબાણકર્તાઓએ પોલીસ થતા નિગમના અધિકારીઓ સામે ખૂબજ સંઘર્ષ કર્યુ હતું.

ત્યારબાદ છેલ્લા થોડા સમયથી ફરીથી ગાબડા પાડવાનું ચાલુ કર્યું છે જેમાં તેઓ એસ્ટેટના ઉપયોગ દારૂ-જુગાર જેવી અનેક અસામાજિક પ્રવૃત્તિઓ કરવી, ચોરીઓ કરવી તથા એસ્ટેટનો શૌચાલય તરીકે ઉપયોગ કરે છે, તેમના ખોટા ઈરાદાઓ માટે જુદા જુદા વિભાગમાં ખોટી રજુઆતો કરી ઉદ્યોગકારોને ત્રાસ આપે છે. અગાઉ ૨૦૧૦માં પણ આ દિવાલ બાબતે ખોટી રજુઆત કરતાં કલેક્ટરશ્રી અને નિગમના અધિકારીઓ સાથે બેઠક થયેલી અને અમોએ સચોટ પુરાવા રજૂ કરેલા હતા.

ગાંધીનગર જિલ્લા હોમીયોપેથિક ડૉકટર એસોશિએશને બંધમાં જોડાશે

ગાંધીનગર, ૨૪

ગાંધીનગર જિલ્લા હોમીયોપેથિક ડૉકટર એસોશીએશનની એક યાદીમાં જણાવેલ છે કે એન. સી. એચ. આર. એસ. બીલ ૨૦૧૧ના વિરોધમાં રાષ્ટ્ર વ્યાપી બંધને ટેકો આપેલ છે. આ સંદર્ભે જિલ્લાના તમામ હોમિયોપેથિક સભ્યો બંધ રાખશે. તે દિવસે સવારે ૯-૩ પાસે સેકટર-૬માં યોજાયેલ ધરણાંમાં જોડાશે. ડૉ. વિજય જોગીએ અખબારી યાદીમાં જણાવેલ છે.

જાહેરનામાના ભંગ બદલ દહેગામના હોટલ સંચાલક સહિત બે સામે કાર્યવાહી

હોટલમાં રોકાણ કરનારાઓની કોઈ યાદી ન હતી

સીમકાર્ડના વેચાણ સામે દસ્તાવેજ લીધા ન હતા

ગાંધીનગર, તા.૨૪

એસ.ઓ.જી. પોલીસે આજે બપોરે દહેગામમાં સ્થિત એક હોટલ અને મોબાઈલ સર્વિસની દુકાનમાં તપાસ હાથ ધરી જાહેરનામાના ભંગ બદલ બે ઈસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસ.ઓ.જી. પોલીસના સ્ટાફે ગઈકાલે બપોરે દહેગામ સ્થિત હોટલ ગગન પેલેસમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન હોટલ સંચાલક પાસે હોટલમાં રોકાણ કરનાર મુલાકાતીઓનું લીસ્ટ મેઈનટેઈન ન કરાયું હોવાનું ધ્યાને આવતા જાહેરનામાના ભંગ બદલ સંચાલક વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. જયારે અન્ય એક કિસ્સામાં દહેગામના અમીન કોમ્પ્લેક્ષમાં સ્થિત યુગ મોબાઈલ સર્વિસ નામની દુકાનમાં તપાસ કરતા દુકાનમાલિક દ્વારા સીમકાર્ડ વેચાણ બાદ કોઈ પણ પ્રકારના દસ્તાવેજી પુરાવા ન રાખ્યા હોવાનું એસ.ઓ.જી. પોલીસના ધ્યાને આવ્યું હતું. પોલીસે આ બંને ઈસમો વિરુધ્ધ જાહેરનામાના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા પંચાયત કર્મચારી ધિરાણ અને સહકારી મંડળી લિ.ની ચૂંટણીમાં કિરીટસિંહ રાઓલનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા. ૨૪

જિલ્લા પંચાયત કર્મચારી ધિરાણ અને સહકારી મંડળી લિ. ગાંધીનગરની ૫૨૪ સભાસદો ધરાવતી મંડળીની તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં કિરીટસિંહ રાઓલે જંગી બહુમતિ સાથે વિજય મેળવ્યો હતો.

ગાંધીનગરની ૫૨૪ સભાસદોની મંડળીમાંથી ૩૦૩ સભાસદોએ તેમના મતોનો ઉપયોગ કરી આંકડા મદદનીશ અધિકારી કિરીટસિંહ રાઓલને ૨૩૮ મતોની સરસાઈ સાથે જંગી બહુમતિથી વિજય અપાવ્યો હતો. જિલ્લા પંચાયત કર્મચારી ધિરાણ અને સહકારી મંડળી લિ. ચૂંટણીના ઉમદવારોમાં આર.આઈ. પટેલને ૬૦ મતો મળ્યા હતા જયારે કિરીટસિંહ રાઓલને ૨૩૮ મતો મળ્યા હતા. કિરીટસિંહ રાઓલના વિજયને કારણે કર્મચારીઓમાં ભારે ઉલ્લાસ અને આનંદ જોવા મળતો હતો. વિજેતા કિરીટસિંહ રાઓલે સર્વે સભાસદોનો તેમના ઉપર મુકેલ વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રજાપતિ સમાજ દ્વારા ૧૦મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા આજે સે. ૧૭ ટાઉનહોલ ખાતે ૧૦મા જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં યુવક-યુવતીઓએ સંમેલનમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે સમાજના અગ્રણી ધનજીભાઈ યુ. પ્રજાપતિ, જી.કે. પ્રજાપતિ તેમજ ઉદ્ઘાટક તરીકે હસમુખભાઈ હરગોવિંદભાઈ પ્રજાપતિ તેમજ સમાજના આગેવાન ભીમજીભાઈ પ્રજાપતિ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ તબક્કે સમાજના અગ્રણી ભીમજીભાઈ પ્રજાપતિએ સમાજને સમર્પિત થવાની નેમ સાથે સમાજ સેવા માટે સદાય તત્પર રહી સંબંધિત પ્રશ્નોના નિરાકરણ લાવવાની ખાત્રી આપી હતી. સંમેલનના ભોજનદાતા તરીકે સ્વ. ડાહીબેન મણીભાઈ શીવાભાઈ પ્રજાપતિ પરિવારના નિલેશ તથા જગદીશભાઈ પ્રજાપતિએ સહયોગ આપ્યો હતો.

માની સેવા માટે લાખો ડોલરની કમાણી જતી કરતો સ્નેહાળ પુત્ર

અમેરિકામાં ઉચ્ચ કારકિર્દી ધરાવતા આશિષ સોની માત્ર અને માત્ર બીમાર મા-બાપની સેવા માટે ડોલરીયા કમાણીને છોડી વતન પરત આવી ગયા

હમણાં હમણાં એક ગુજરાતી ફિલ્મ ખુબ ધૂમ મચાવી રહી છે. 'કેવી રીતે જઈશ'... અમેરિકા જઈ ડોલરની કમાણી કરવા ઈચ્છતા યુવાનની વાત તેમાં હળવા મુડમાં દર્શાવાઈ છે. જો કે અહીં આપણે તે ફિલ્મની ચર્ચા નથી કરવાના. આપણે તો અહીં એક એવા યુવાની વાત કહી રહ્યા છીએ જેણે મા-બાપની સેવા કરી શકાય તે માટે અમેરિકાની ઝળહળતી કારકિર્દીને છોડીને સ્વદેશની વાટ પકડી. આ યુવાનનું નામ છે આશિષ જશવંતલાલ સોની.

ગાંધીનગરના સેક્ટર-૫માં રહેતા આશિષ સોની વ્યવસાયે ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર છે. લગભગ દસેક વર્ષ અગાઉ તેમના પિતાએ ખુબ મહેનત કરી તેમને અમેરિકા મોકલ્યા હતા. મહેનતુ આશિષભાઈએ અહીં તેમની કારકિર્દી સુપેરે જમાવી દીધી અને ગ્રીનકાર્ડ પણ મેળવી લીધુ. લગભગ અઢી વર્ષ અગાઉ તેમના પિતા જશવંતલાલ સોનીને ફેફસાનું કેન્સર હોવાનું નિદાન થતાં આશિષભાઈએ તેમની સારવાર માટે ડોલર મોકલવાના બદલે તેમની સેવા માટે પરત ગાંધીનગર આવી જવાનો નિર્ણય લીધો. આ નિર્ણય સહેલો ન હતો. આઠ-આઠ વર્ષની અમેરિકાની ઝળહળતી કારકિર્દી છોડી સ્વદેશ આવી જવાનો નિર્ણય આશિષભાઈએ કેવી રીતે લીધો તે જણાવતા તેઓ કહે છે કે 'મા-બાપના આશિર્વાદ અને સાથ સહકારે જ આટલી ઉંચાઈ બક્ષી છે. જો તેમની માંદગી સમયે જ હું તેમની સાથે ન હોઉં તો તે જીવનનો શું અર્થ..' આ મજબુત વિચારધારાને વરેલા આશિષભાઈ અઢી વર્ષ અગાઉ અહીં આવી ગયા અને પિતાની સારવાર પાછળ દિવસ-રાત એક કર્યા અને લાખોનો ખર્ચ કર્યો. જો કે કુદરતને કંઈક બીજુ જ મંજુર હતુ. ચાર માસની સારવાર બાદ તેમના પિતા ધામમાં ચાલ્યા ગયા... પિતાના મૃત્યુના આઘાતમાંથી બહાર આવે અને કારકિર્દી અંગે કોઈ નિર્ણય લે તે પહેલા માતા નીરુબેન સોનીને હૃદયરોગનો જોરદાર હુમલો આવ્યો. સમયસરની સારવારથી તેઓ બચી ગયા પરંતુ અડધુ અંગ પેરાલીસીસમાં જકડાઈ ગયુ. માતાને આવી સ્થિતિમાં છોડી અમેરિકા જવુ કે અન્ય કોઈ નોકરી સ્વીકારવી તે આશિષભાઈને મંજુર ન હતુ. અમેરિકાના વસવાટ દરમ્યાન કમાયેલ લાખો ડોલર તેમણે માતાની સારવાર પાછળ ખર્ચી નાંખ્યા. એન્જીયોપ્લાસ્ટીની રીપ્લેસમેન્ટ જેવી ખર્ચાળ સારવાર બાદ આશીષભાઈના મમ્મીને હાલમાં સવાર-સાંજ એક્સાઈઝ કરવાની જરૂરીયાત રહે છે. તે આશિષભાઈ જ કરાવે છે. તેમના પત્નિ ગોપીબેન પણ તેમને એટલો જ સાથ સહકાર આપે છે. માતા તરફની કૃતજ્ઞતા વ્યક્ત કરતા તેઓ કહે છે કે 'મા ની સેવા તો મારી ફરજ છે, દુનિયાનો આ એક માત્ર સંબંધ એવો છે જે સ્વાર્થની ભાવનાથી ખુબ દૂર છે. ડોલર તો પછી પણ કમાવી શકાશે પરંતુ માતા-પિતાનો પ્રેમ લાખો ડોલર ખર્ચો તો પણ પરત ન મળે.'

આશિષભાઈને વિદેશની ઘણી કંપનીઓ સર્વિસની લોભામણી ઓફરો આપી રહી છે. પરંતુ તેઓએ હાલમાં અહીં જ રહેવાનો નિર્ણય કર્યો છે. તેઓ પોતે તો માતાની સેવા માટે જીવન સમર્પિત કરી ચુકયા છે, પરંતુ અન્ય બાળકોને પ્રેરણા મળે, જીવનની મા-બાપની કિંમત સમજાય તે માટે શાળા-કોલેજોમાં જઈ મોટીવેશનના કાર્યક્રમો પણ યોજે છે. અત્યાર સુધી તેમણે ૨૨ હજારની વધુ બાળકોને મોટીવેશન સેમિનાર મારફતે જીવન અને માતા-પિતાનું મહત્વ સમજાવ્યું છે.

સંબંધ સજાવે જિંદગી
થેન્ક્યૂ મમ્મી-પપ્પા
- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૦

તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
તેરી મેરી કહાની : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
તેરી મેરી કહાની : ૧૦.૦૦
ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
રાઉડી રાઠોડ : ૧.૦૦, ૧૦.૦૦
ફરારી કી સવારી : ૪.૦૦
તેરી મેરી કહાની : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧૦.૦૦
ફરારી કી સવારી : ૧.૦૦, ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૩.૩૦, ૬.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઉડી રાઠોડ : ૧૧.૧૫, ૪.૪૫, ૧૦.૧૫
કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૨.૦૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
તેરી મેરી કહાની : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
ગૈન્સ ઓફ વાસાઈપુર : ૯.૧૫, ૧૨.૧૫,૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ફરારી કી સવારી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે. વ્યપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. કુટુંબના કોઈ વ્યક્તિથી વિવાદ થઈ શકે છે.

વૃષભ : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમારી વિજય થવાનો યોગ છે. માલ મિલકતની બાબતો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

મિથુન : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. ખર્ચ અનાવશ્યક રૂપથી વધશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોમાં વૃદ્ધિ થશે.

કર્ક : જીવનસાથીના વ્યવહારમાં અનુકૂળતા રહેશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ઉન્નતિ થશે.

સિંહ : જોખમના કાર્યથી બચવું જોઈએ. કૌટુંબિક સમસ્યાની ચિંતા રહેશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

કન્યા : આમોદ પ્રમોદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

તુલા : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવી. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ.

વૃશ્ચિક : વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં નવીન યોજનાઓનું શ્રીગણેશ થશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

ધન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. આવકથી વધારે ખર્ચ નકરો. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

મકર : મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે.

કુંભ : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

મીન : યશ, ઉત્સાહમાં વધારો થશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચિ રહેશે. શુભ સમાચાર મળી શકે છે. પૂર્વમાં કરેલ કાર્યોનું ફળ મળવાની શક્યતા છે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. મિતાલીબેન અજયભાઈ ગાંધી(ઉ.વ.૧૯) પ્લોટ નં. ૭૧, સર્વોદયનગર સોસાયટી, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. શારદાબેન અમથાભાઈ પરમાર(ઉ.વ.૫૮) પ્લોટ નં. ૧૩૧/૨, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. શ્વેતા સતીશભાઈ શંખારીયા (ઉ.વ.૧૦) પ્લોટ નં. ૪/૨, સેકટર-૧૪, ગાંધીનગર.